બાયડના ઈતિહાસમાં મહેન્દ્રસિંહનો ૩૫૯૨ ઉની લીડથી ભવ્ય વિજય

૧ કિ.મી લાંબુ વિજયી સરઘસ નીકળ્યું : ભવ્ય આતીશબાજી સાથે કોંગ્રેસના વિજયને મનાવાયો

બાયડ, તા. ૨૧

વિધાનસભાની ચુંટણીની મતગણતરી હિંમતનગર ખાતે આવેલી પોલીટેકનીક કોલેજ ખાતે યોજાઈ હતી. સવારે ૭ વાગ્યે આ મતગણતરી હાથ ધરાઈ હતી. જયારે બપોરે ૧૨ વાગ્યા સુધી સાબરકાંઠા જીલ્લાની સાતેય બેઠકોનું પરીણામ જાહેર થતાંની સાથે જ કભી ખુશી કભી ગમનો માહોલ સર્જાયો હતો. જીતેલા ઉમેદવારોના કાર્યકરોએ ગુલાલ ઉડાડી અને ફટાકડા ફોડીને વિજયોત્સોવ મનાવ્યો હતો.

જયારે સાબરકાંઠા જીલ્લામાં આ વખતે કોંગ્રેસનો પંજો કમળ ઉપર ભારે પડયો હોય તેમ સાબરકાંઠા જીલ્લાની સાત બેઠકોમાંથી ૬ બેઠકો કોંગ્રેસને ફાળે રહી હતી. જેમાં ભાજપાના ગૃહપ્રધાન પ્રફુલ પટેલ અને રાજય કક્ષાના શિક્ષણપ્રધાન જયસિંહ ચૌહાણને હારનો સામનો કરવો પડયો હતો. જયારે એક માત્ર ઈડર બેઠક ઉપર જ ભાજપાના શિક્ષણ મંત્રી રમણલાલ વોરાનો પાતળી સરસાઈથી વિજય થયો હતો.

(તસવીર : સમીર બલોચ, બાયડ)

સાબરકાંઠા જીલ્લાની બાયડ વિધાનસભા આમ જોવા જઈએ તો છેલ્લા બે ટર્મથી કોંગ્રેસ માટે ચિંતાનો વિષય બની હતી. કારણ કે છેલ્લી બે ટર્મથી આ સીટ ભાજપાના હાથમાં હતી. પરંતુ આ વખતે નવા સિમાંકનોના કારણે માલપુર વિધાનસભા રદ થતાં તે વિસ્તાર બાયડમાં ઉમેરાયો હતો. જેથી માલપુરના ધારસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાને કોંગ્રેસ પક્ષે બાયડમાંથી મેદાનમાં ઉતારતાની સાથે જ બાયડ તાલુકામાં કોંગ્રેસના કાર્યકરો ગેલમાં આવી ગયા હતા. જયારે મહેન્દ્રસિંહ વાઘેલા તેમના માયાળુ સ્વભાવને લઈને લોકોમાં લોકપ્રીય છે ત્યારે મહેન્દ્રસિંહ વાઘેલાનો લોક સંપર્ક વધારે હોવાને કારણે તેઓ લોકપ્રીય છે. પરંતુ આ વખતે બાયડમાં ત્રીપાંખીયો જંગ હોવાને કારણે બાયડ વિધાનસભા બેઠક ઉપર સૌની મીટ મંડાઈ હતી. ત્યારે ગઈકાલે હાથ ધરાયેલી મતગણતરીમાં પ્રથમ રાઉન્ડમાં કોંગ્રેસના મહેન્દ્રસિંહ વાઘેલા ૧૨૯ મતથી આગળ થયા હતા. જયારે બીજા રાઉન્ડમાં ભાજપ ૯૪૩ જેટલા મત આગળ થઈ જતા ભાજપાના કાર્યકરો અને ઉમેદવાર ગેલમાં આવી ગયા હતા. પરંતુ ત્યાર બાદ ઈ.વી.એમ. મશીનમાંથી નીકળતી લીડમાં મહેન્દ્રસિંહ વાઘેલાએ પાછું વળીને જોયું નહોતું અને ભાજપાના કાર્યકરોના ચહેરા વિલાઈ ગયા હતા. જયારે છેલ્લા રાઉનડના અંતે મહેન્દ્રસિંહ વાઘેલા અધધધ કહી શકાય એટલી ૩૫૯૨ ઉની જંગી મતોથી સરસાઈ મેળવી વિજેતા જાહેર થતાની સાથે જ તેમના ટેકેદારો અને કાર્યકરોએ ગુલાલ ઉડાડી અને ફટાકડા ફોડી વિજયને વધાવી લીધો હતો.

જયારે બાપુ માલપુર ખાતે પહોચ્યા ત્યારે તેમનું વિજયી સરઘસ કાઢવામાં આવ્યું હતું. ત્યાર બાદ બાયડ ખાતે બાપુનું ભવ્ય વિજયી સરઘસ કાઢતા હજારોની સંખ્યામાં લોકો આ વિજયોત્સવને મનાવવા ઉમટી પડયા હતા. જયારે આ વિજય સરઘસ ૧ કિ.મી જેટલું લાંબું નીકળતા સરઘસને જોવા અને મહેન્દ્રસિંહ વાઘેલાને વધાવવા લોકો રોડ ઉપર ઉતરી આવ્યા હતા. જયારે ઠેર ઠેર તેમનુ ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યુ હતું. જયારે આ સરઘસ બાયડ ગામ થઈ ઘનશ્યામ સોસાયટી થઈ પુરા સ્ટેશન વીસ્તારમાં ફર્યુ હતુ અને ચાર રસ્તા ઉપર જાહેરસભામાં ફેરવાયુ હતું. સભામાં બાપુએ તાલુકાની જનતાએ જે મારા ઉપર વિશ્વાસ મુકી અને આશીર્વાદ આપી મને જે જંગી બહુમતીથી જીતાડયો તે બદલ લોકોનો આભાર માન્યો હતો અને વધુમાં તેમણે કહયુ હતુ કે હુ તાલુકાની જનતાનો આ ઋણ ક્યારેય નહી ભુલી શકુ તેમજ જંગી બહુમતીથી જીતાડવા બદલ આભાર માન્યો હતો.

સમાચાર ઝલક

- ઉત્તરપ્રદેશના આરોગ્ય શિક્ષણ મંત્રી સામે ૬૦૦ કરોડના સંજય ગાંધી નિરાધાર યોજનામાં કૌભાંડ અર્થે.
- વાઇબ્રન્ટ સમિતમાં ૧૧૦ દેશો તા. ૧૨, ૧૩, અને ૧૪માં ભાગ લેશે.
- દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન સામે મહિલાઓના ઉગ્ર દેખાવો.
- નાસા વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું કે આજે પૃથ્વી પર કોઇ ઘટના બનશે નહી.
- જામનગરમાં રિલાયન્સ રિફાનરીમાં અકસ્માતથી ૨ વ્યક્તિઓનાં મોત.
- અમેરિકાની ઓલીબીયા કલ્પો બની મિસ યુનિવર્સ.
- સોમાલિયામાં નૌકા ડૂબતાં ૫૫ વ્યક્તિઓનાં મોત.
- રાજકોટની પાંચ હોસ્પિટલોમાં આવકવેરાના દરોડા.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંકુલમાં અસામાજીક તત્વોનો ભયંકર ત્રાસ

દાંતીવાડા, તા. ૨૧

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સંકુલમાં છેલ્લા ઘણા સમયથી અસામાજીક તત્વોનો ત્રાસ વધીને પરાકાષ્ટાએ પહોંચી જવા પામ્યો છે. વિદ્યાર્થિનીઓની મશ્કરીઓ થતી હોવાની વ્યાપક ફરીયાદો ઉપરાંત દારૂનો વેપલો પણ સંકુલમાં કેટલાક શખ્સો દ્વારા કરાતો હોવાનું જાણવા મળ્યું છે. આ અસામાજીક બદીઓને ડામવા માટે પોલીસ પોઈન્ટ મુકવા માંગ કરવામાં આવી છે.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંકુલમાં અન્ય ઘણી કોલેજો આવેલી હોવાથી સંખ્યાબંધ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની દરરોજ સતત અવરજવર રહેતી હોય છે. સંકુલની બાજુમાં જ સ્થિત એક નાના માર્કેટમાં લુખ્ખાતત્વો તથા રોમીયોગીરી કરતા અસામાજીક તત્વોની ફુલટાઈમ બેઠક હોય છે. વિદ્યાર્થિનીઓની અવરજવર દરમ્યાન કેટલીયવાર છેડતીના પ્રયાસો બનવા પામ્યા છે. તો ક્યારેક હોસ્ટેલના છાત્રોને માર મારવાની ઘટનાઓ પણ પોલીસ ચોપડે નોંધાવા પામી છે. તો કેટલાક ભોગ બનનાર ડરનાં માર્યા પોલીસ સ્ટેશનની સીડીઓ પણ ચઢતા નથી. આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવી બેઠક બંધ કરાવવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે. તે ઉપરાંત કોલેજ સંકુલમાં પણ પોલીસ પોઈન્ટ મુકવા માંગ ઉઠી છે.

ઈડર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની ૨ ઉમીએ વાર્ષિક સભા મળશે

ઈડર, તા. ૨૧

ઈડર તાલુકાના નિવૃત્ત કર્મચારી મંડળની વાર્ષિક સભા તા. ૨ ઉમી ડિસેમ્બરે દેશોતર મુકામે સવારે યોજવામાં આવશે. જેમાં પેન્શનરોની મુશ્કેલીઓના પ્રશ્નો ચર્ચાશે. આ પ્રસંગે પંકજભાઈ દેસાઈ, કાન્તિભાઈ પટેલ, મોહનભાઈ પરમાર, કનુભાઈ જોષી, ચંદુલાલ ઉપાધ્યાય, રાજેન્દ્ર પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, બાબુસિંહ ચાવડા ખાસ ઉપસ્થિત રહેશે.

સાબરકાંઠાના પ્રાણ પ્રશ્નો નવા ધારાસભ્યો રજૂઆત કરે

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં મોટા ઉદ્યોગો નથી, ખેડબ્રહ્મા - ભિલોડામાં સિંચાઈનો લાભ મળતો નથી. ડાર્ક ઝોન ચાલુ છે. ખેડૂતોને વિજળી કનેકશન મળતા નથી. શામળાજી, સમેશ્વર, વીરેશ્વર, ને યાત્રાધામ તરીકે વિકાસ જરૂરી છે. જિલ્લામાં રેલ્વે સુવિધા નહિવત છે. ખેડબ્રહ્મા-અંબાજી-આબુ રેલ્વથી જોડવા માટેની જરૂરિયાત છે. નવા ધારાસભ્યો સદર પ્રશ્નોની ઉચ્ચ કક્ષાએ રજૂઆત થાય તેવી લોકલાગણી છે.

હિંમતનગર મુકામે ૩૦મીએ પેન્શનર ડેની ઉજવણી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા પેન્શનર ડેની ઉજવણી તા. ૩૦મી ડિસેમ્બરે હિંમતનગર સરકારી જીનમાં રાખેલ છે. જિલ્લાના તમામ પેન્શનરો ઉપસ્થિત રહેવા મહામંત્રીશ્રી રમણલાલ સુથારે જણાવેલ છે. પેન્શનરોના પ્રશ્નો તેમને પડતી મુશ્કેલીની ચર્ચા કરવામાં આવશે. અધિવેશનમાં હિસાબ તિજોરી નિયામકશ્રી એન.આઈ.પટેલ ઉદ્ઘાટન કરશે.

પ્રાંતિજ બેઠક પર કોંગ્રેસના મહેન્દ્રસિંહ બારૈયાનો વિજય

તલોદ, તા. ૨૧

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૨ની મત ગણતરીના અંતે પ્રાંતિજ બેઠક ઉપર બે દાયકા પછી કોંગ્રેસે બાજી મારી લીધી છે. ભાજપના ઉમેદવારનો ગ્રામ્ય વિસ્તારમાં અણગમો અને વિકાસના કામો પ્રત્યેની ઉદાસીનતા એ કોંગ્રેસનું પલડું ભારે કરી કોંગ્રેસના ઉમેદવારને વિજયી બનાવ્યા છે. તલોદમાં વિજેતા ઉમેદવારનું ભવ્ય સ્વાગત કરી વિજય સરઘસ નીકળ્યું હતું.

રાજયભરમાં ચૂંટણીના પરિણામો આવ્યા બાદ વિજેતા ઉમેદવારોની જીતની ખુશઈમાં ઠેર ઠેર વિજય સરઘસ નીકળ્યા હતા. જમાં પ્રાંતિજ વિધાનસભા બેઠક એ કોંગ્રેસ માટે ખુબ જ મહત્ત્વની લેખાતી હતી કારણે કે બે દાયકા બાદ આ બેઠક કોંગ્રેસને મેળવવાની તક આવી હતી. જે તકનો કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયા તથા તેમના કાર્યકરોએ ભરપૂર મહેનત થકી લાભ ઉઠાવી જીત મેળવવામાં જવલંત સફળતા પ્રાપ્ત કરી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

જો કે ભાજપે પરંપરાગત જીત મેળવતી આ બેઠક તલોદમાં ડેપો, તલોદ ગામના તળાવમાં પાણી ભરવું, તથા અનેક વિકાસના કામો પ્રત્યે સ્થાનિક મંત્રીની ઉદાસિનતા કારણભૂત હોવાની ચર્ચાય રહી છે. તેમજ ચુંટાયા પછી એક પણ વખત વિધાનસભા મત વિસ્તારની મુલાકાત લીધેલ નથી જે થી પ્રચાર સમયે જ ભાજપના ઉમેદવાર પ્રત્યે ગ્રામ્ય વિસ્તારમાં અણગમો પ્રગટ થયેલ હતો તેવું જાણવા મળેલ હતું.

કોંગ્રેસના નવયુવાન મહેન્દ્રસિંહ બારૈયાએ આ તમામ બાબતોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી તલોદ તેમજ પ્રાંતિજ મત વિસ્તારના મતદારોને અધુરાકામો પૂર્ણ કરવાની ખાત્રી સાથે વારંવાર વિસ્તારમાં મુલાકાત રહેશે તેવું વચન આપી વિશ્વાસ સંપાદન કર્યો હતો. જે તેમની જીતમાં પરિણમ્યો હતો. જે જીતના આનંદને ગઈકાલે તલોદમાં વિજય સરઘસ સ્વરૂપે બહાર આવ્યો હતો. તેમજ મોટી સખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી બેન્ડવાજા, આતશબાજી, અબીલ ગુલાલ સાથે વિજેતાનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

કટાક્ષિકા (પાના નં. ૨ નું ચાલુ)

(૨૭) મુસાફરી જનતાની સગવડ સંચવાય તથા મુસાફરી સસ્તી થાય તે માટે સરકાર આસ 'વેંગન ' ગાડીઓ શેંર કરશે. જનતા ખુલ્લા વેગનમાં ફીક્સ ભાવે મુસાપરી કરી શકશે.

(૨૮) સમાજના દરેક વર્ગને પૂરતું મનોરંજન મળે તે માટે દારૂબંધી તથા ગુટખા-બંધી દૂર કરવામાં આવશે.

(૨૯) ઉદાર મતવાદી સરકાર ત્રાસવાદીઓને ફાંસીની સજા નહી કરે. ગુનેગારોના 'લાભાર્થે ફાંસી' રદ કરવામાં આવશે.

(૩૦) આ પાર્ટી સત્તા પર આવશે તો દરેક પ્રકારના દરોડા પાડવાનું બંધ કરાશે. વેપારીનો માલ-સામાન જપ્ત નહી થઈ શકે. મુક્ત વ્યાપારની નીતિ ધ્યાનમાં લેવાશે...

(૩૧) વ્યાપારીઓ - ઉદ્યોગપતિઓ - જે રિટર્ન ફાઈલ કરે તેને સાચું માની લેવામાં આવશે. ઈન્કમટેક્સ વિભાગ કરચોરી માટે કોઈ જગ્યાએ દરોડો નહીં પાડી શકે.

(૩૨) વ્યાપારીઓને તમામ પ્રકારના ટેક્સોમાંથી મુક્તિ અપાશે. તેઓએ વરસમાં ચોક્કસ રકમ ભરવાની થશે. ચોપડા રાખવા, બીલબુકો, પત્રકો રાખવા ઈત્યાદિ પળોજળમાંથી વેપારીઓ છૂટશે.

(૩૩) ગુમાસ્તાધારો રદ્દ કરવામાં આવશે.

(૩૪) ગૃહિણીઓ માટે સરકાર સામે એક ફીની યોજના મુકશે. એક સિલિન્ડર સામે એક ફી મળશે.

(૩૫) સ્ત્રી - સશક્તિકરણ અર્થે મહિલા અનામત ૫૦% કરાશે.

(૩૬) અશક્ત - રોગી, વિધવા માટે કેશ-ડોલ્સ યોજના હશે.

(૩૭) યુવાનો માટે સરકાર બે નવી યોજના લાવશે.

અ - મુખ્ય પ્રધાન ફ્રી મેસેજ યોજના = જે વિસ્તારમાંથી સ્ત્રી-પુરૂષના દરમાં તફાવત હોય ત્યાંના યુવાનો જો વિદેશી કન્યાને પરણી લાવી સ્ત્રીની સંખ્યામાં વધારો કરે તો તેવા લગ્નનો તમામ ખર્ચ સરકાર ભોગવશે.

બ - મફત - શિક્ષણ યોજના = આ યોજના નીચે વિદ્યાર્થીઓને શાળા-કોલેજમાં જવામાંથી મુક્તિ મળશે. વીસ વર્ષે ગેજ્યુએટ તથા ૨૪ વર્ષે પોસ્ટ-ગ્રેજ્યુએટની ડિગ્રી ઘરબેઠાં આપવામાં આવશે. માત્ર સૌએ પોતાના મનપસંદ વિષય જણાવવો. આના પરિણામે ટ્યુશન-પ્રથા આપોઆપ બંધ થશે. વાલીના નાણાં બચશે.

(૩૮) મેડીકલ તથા એન્જીનિયરીંગ કોલેજોની પ્રવેશ પરિક્ષાઓમાં ઝીરો માર્ક્સ મેળવનાર પણ પ્રેસ કરી શકશે. કોઈ મેરીટ-લીસ્ટ નહીં હોય... પાંચ વર્ષમાં ડૉક્ટરોની ખેંચ દૂર થશે.

(૩૯) સરકાર સ્ટાફ - સગવડતા કે સાધન વિનાની કૉલેજો શરૂ કરાશે કે શરૂ કરવાની પરવાનગી આપશે.

(૪૦) સરકારી નોકરો માટે ઈન્કમટેક્સ મુક્તિ-મર્યાદા દસ લાખની રહેશે.

(૪૧) **L.T.C.** દર ચારને બદલે બે વરસે અપાશે જમાં છ હજાર કિલોમીટરની છૂટ રહેશે.

(૪૨) નિવૃત્તિ સમયે મળતા તમામ લાભો બેવડા કરી દેવાશે.

(૪૩) પાંચ દિવસનું અઠવાડિયું ગણાશે.

●●●

ઘોષણા પત્રની આ માત્ર ઝલક છે. અમે આનાં ઈજારો કે પ્રકાશન હક્કો રાખ્યા નથી કોઈ પણ પક્ષ પોતાના પત્રમાં આમાથી પોતાને ગમતી વાત સ્વીકારી શકે છે. આ માટે પરવાનગી લેવાની જરૂર નથી. જે અંધારામાં થતું તે અજવાળામાં થશે એટલું જ.

પ્રધાનપદ વાચ્છુંને ઉજ્જવળ તક = જે પક્ષપલટુંઓ પોતાની પાર્ટી છોડી છેલ્લી ઘડીએ આ પાર્ટીમાં જોડાશે. તેને નીચેની શરતે પ્રધાનપદ મળશે.

● અમારી પાર્ટીના ચેર પર્સનના દિવસમાં ત્રણ વાર દર્શન કરવા. સાષ્ટાંગ નમસ્કાર કરવા... તે કહે તેમ કરવું પણ પ્રશ્ન ન કરવો.

આમા પણ 'વહેલા તે પહેલાં'ની પારદર્શક નીતિ છે.

ચૂંટણી ટિકીટ ફાળવી જેવું કંઈ નથી. તમામ સભ્યો ચૂંટણી પોતાના ખર્ચને જોખમે લડી શકે છે. જે માગશે સૌને ટિકીટ મળશે...

આ ઘોષણાપત્રનો સવાર-સાંજ પાઠ કરવાથી વાસના મોક્ષ અવશ્ય થશે.

સાબરકાઠામાં ભાજપના સફાયા પાછળ ગૃહ મંત્રી પ્રફુલ પટેલ જવાબદાર ?

બે મંત્રી, બે ધારાસભ્ય સહીત ભાજપને ૬ સીટો ગુમાવવી પડી

હિંમતનગર, તા. ૨૧

ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ હેટ્રીક મારી ફરી એક વાર સત્તા મેળવી છે. ત્યારે તેનાથી વિપરીત સાબરકાઠા જિલ્લામાં ભાજપનો સફાયો થવા પામ્યો છે. ગત વિધાનસભામાં ભાજપને ૫ અને કોંગ્રેસને માત્ર ત્રણ બેઠકો મળી હતી. આ વખતે પાછા ઉલટા પડયા છે. ભાજપને માત્ર એક જ બેઠક મળી છે. જયારે કોંગ્રેસે છ બેઠકો ઉપર વિજય મેળવી ભાજપના સુફડા સાફ કરી દીધા છે. ત્યારે દરેકના મનમાં એક પ્રશ્ન ઉભો થયો છે. કે જિલ્લામાં ભાજપના સફાયા પાછળ જવાબદાર કોણ ? ગૃહ મંત્રી પ્રફુલ પટેલ ? કે પછી સંગઠન ?

જેમનું પ્રજામાં કોઈ સ્થાન નથી તેવા લોકોએ સંગઠનમાં સ્થાન મેળવતાં ભાજપને ભોગવવું પડ્યું

જિલ્લાની ૭ બેઠકો પૈકી ૬ બેઠકો ભાજપે ગુમાવતાં તેના ઘેરા પડઘા રાજય સ્તરે પડવા પામ્યા છે. ગત વિધાનસભામાં ભાજપને ૫ બેઠકો મળી હતી. અને રાજયના પ્રધાન મંડળમાં ત્રણ ધારાસભ્યોને સ્થાન આપી પ્રફુલ પટેલને ગૃહ રાજય મંત્રી, રમણલાલ વોરાને શિક્ષણ મંત્રી અને જયસિંહ ચૌહાણને રાજય શિક્ષણ મંત્રીનો કાર્યભાર સોપાયો હતો. આ વખતે ઈડરની બેઠક ઉપર શિક્ષણ મંત્રી રમણલાલ વોરાનો વિજય થયો છે. જયારે હિંમતનગરની બેઠક ઉપર ગૃહ મંત્રી પ્રફુલ પટેલ અને પ્રાંતિજની બેઠક ઉપર રાજય શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણનો કારમો પરાજય થયો છે. તે ઉપરાંત બાયડ અને મોડાસા બેઠક ઉપર પણ ભાજપના બે ધારાસભ્યોને હારનો સામનો કરવો પડયો છે. આમ જિલ્લામાં ભાજપના કારમા પરાજય પાછળ લોકો અને ભાજપના કાર્યકરો પ્રફુલ પટેલ ઉપર માછલા ધોઈ રહયા છે.

૨૦૦૭માં પ્રફુલ પટેલ હિંમતનગર બેઠક ઉપરથી ચુટાઈ આવ્યા હતા. ત્યારબાદ થોડાક સમયમાં તેઓએ સંગઠન ઉપર પણ કબજો કરી લીધો હતો. અને જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે આરૂઢ થયા હતા. તે સમયમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાન મંડળનુ વિસ્તર કરતાં પ્રફુલ પટેલને ગૃહ રાજય મંત્રી બનાવ્યા હતા. અને જોત જોતાંમાં તેઓ ટુકાગાળામાં ભાજપ અને સરકારમાં મહત્વનુ સ્થાન મેળવી દીધુ હતુ. પરંતુ તેમના અકડુ સ્વભાવના કારણે તેઓ પ્રજા અને કાર્યકરોનો પ્રેમ જીતવાના બદલે લોકોમાં તેમની વિરુદ્ધ નારાજગી વધવા લાગી હતી. જેમનુ પ્રજામાં કોઈ વજુદ કે યોગદાન ન હતુ તેવા લોકોને સંગઠનમાં મહત્વના હોદાઓ ઉપર સ્થાન આપવામાં આવ્યુ હતુ. જયારે જિલ્લામાં જેનુ પ્રભુત્વ છે. તેવા ક્ષત્રિય અને અન્ય સમાજના અગ્રણીઓની ઉપેક્ષા થતાં નારાજગીનો સૂર ઉભો થવા પામ્યો હતો. વહિવટી તંત્રમાં પણ કેટલાક માનતી અધિકારીઓ પ્રજાના કામોમાં ઉદાસીનતા દાખવતાં લોકોમાં ભારે નારજગી ઉભી થવા પામી હતી.તે ઉપરાંત હિંમતનગર શહેરમાં ભર ચોમાસામાં ૨૦૦૦ હજાર જેટલા ઝુંપડાઓ તોડી પાડી ગરીબ પરિવારોને બે ઘર કરાતાં જિલ્લા ભરમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા હતા. આવા અનેક કારણોને લઈ ભાજપ પ્રત્યે લોકોમાં સખત નારાજગી પ્રર્વતી હતી. જે નારજગી વિધાનસભાની ચૂંટણીમાં લોકોએ ભાજપ વિરુદ્ધ મતદાન કરી ભાજપને કારમો પરાજય આપી વ્યકત કરી હતી.

સાબરકાઠાની ૬ બેઠકો પર કોંગ્રેસનો વિજય થતાં કાર્યકરો ગેલમાં..

વર્ષોથી કોમામાં સરકી ગયેલ કોંગ્રેસના સંગઠનમાં નવા પ્રાણ પુરાશે : બનાસકાંઠાની વડગામ બેઠક ઉપરથી ચૂટાયેલા કોંગી ધારાસભ્ય પણ હિંમતનગરના

હિંમતનગર ૨૧

સાબરકાઠા જિલ્લામાં કોંગ્રેસે ભાજપને પછડાટ આપી ૬ બેઠકો ઉપર ભવ્ય વિજય મેળવ્યો છે. હિંમતનગર બેઠક ઉપર ગૃહમંત્રી પ્રફુલ પટેલને હરાવી નવોદિત રાજેન્દ્રસિંહ ચાવડાએ ભવ્ય વિજય હાંસલ કર્યો છે. તેમના વિજયથી કોંગ્રેસમાં જોમ પુરાયુ છે.

ગત વિધાન સભામાં કોંગ્રેસને માત્ર ૩ બેઠકો મળી હતી. આ વખતે કોંગ્રેસને ૬ બેઠકો મળી છે. ભાજપના બે મંત્રીઓ અને બે ધારાસભ્યનો કારમો પરાજય થયો છે. છેલ્લા ગણા સમયથી કોંગ્રેસ સત્તાથી દુર રહેતાં સંગઠન મૃતપાય બની ગયુ હતુ કાર્યકરો પણ નિરૂત્સાહ બની ગયા હતા. આ વખતે ૧૭ વ"ાં બાદ હિંમતનગરની બેઠક કોંગ્રેસે મેળવી છે. જેના કારણે કોંગ્રેસ કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી છે. તે ઉપરાંત કોંગ્રેસમાંથી ચૂટાયલા ૬ ધારાસભ્યો પૈકી રાજેન્દ્રસિંહ ચાવડા હિંમતનગર,અશ્વિન કોટવાલ ખેડબ્રહમા,મહેન્દ્રસિંહ વાઘેલા બાયડ, મહેન્દ્રસિંહ બારૈયા પ્રાંતિજ, અને રાજેન્દ્રસિંહ ઠાકોર મોડાસા યુવાન છે. તેમજ ભિલોડાથી ચૂટાયલા ડૉ. અનિલ જો"ીયારા પણ સતત ત્રણ ટર્મથી વિજય મેળવી ભારે લોક સાહના મેળવી છે. ત્યારે કોંગ્રેસના કાર્યકરોમાં એક નવુ જોમ પુરાયુ છે. કોંગ્રેસ કાર્યકરો માટે ખુશીની વાત તો એ પણ છે કે બનાસકાંઠાના વડગામ બેઠક ઉપરથી ચૂંટાયેલા કોંગ્રેસના ઉમેદવાર મણિલાલ વાઘેલા પણ હિંમતનગરના વતની છે.